## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



છાપાવાળા ગપ્પા મારે છે... ઓસ્ટ્રેલીયામાં આખા જંગમાં સળગતા હોય તો અહીંયા આટલી ટાઢ પડે જ નહિ....

# જલુંદમાં ગેરકાયદે કોપર બનાવતી ફેક્ટરી પકડાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકામાંથી ગેરકાયદે કોપર બનાવતી એક ફેક્ટરીનો પ્લાન્ટ તંત્રની ટીમે પકડી અને તેના દ્વારા કરાયેલ દબાણને દૂર કરવાની કામગીરી કરી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના જલુંદ ગામે સર્વે નં. ૫૭૨માં આ ગેરકાયદે પ્લાન્ટ ચાલતો હોવાનો તેમજ તેના દ્વારા છોડવામાં આવતા કેમીકલયુક્ત પાણીને કારણે આસપાસના ખેતરોને નુકશાન થતુ હોવાની ફરિયાદ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મળી હતી.



બોર્ડના સત્તાવાળાઓએ આ અંગે જિલ્લા કલેક્ટરનું ધ્યાન દોર્યુ હતુ અને ફરિયાદની ગંભીરતાને ધ્યાનો લઈ જરૂરી આદેશ આપવા જણાવ્યુ હતુ. આ પછી આજે કલેકટરે ગાંધીનગર મામલતદાર અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓની ટીમને પોલીસ સાથે તપાસ કરી જરૂરી પગલાં અને દબાણ હોય તો તે પણ તાત્કાલિક અસરથી દૂર કરવાની સૂચના આપી હતી.

આ પ્લાન્ટમાં એસિડમાં પાણી નાખી અને કોપર સલ્ફેર ભેળવી કોપર જેવુ બનાવાનુ હોવાનું જણાયુ હતુ. તંત્રની ટીમો ત્રાટકી અને જગ્યા પર કાયદેસરનુ પંચનામુ કરી અને દબાણ જે ગેરકાયદે હતુ તે દૂર કર્યુ હતુ.

તંત્રની ટીમે ૧૫X૧૫ના હોજ નં. ૫, ૧૦X૧૦ના હોજ-૬નો નિકાલ કર્યો હતો. કેમીકલ મિશ્રિત પાણી જે જમીનમાં છોડાતુ હતુ તે ફરિયાદમાં તથ્ય જણાયુ હતુ. તંત્રની ટીમે ૨૦૦ લીટરના ત્રીસ નંગ ડ્રમ તેમજ બે પતરાવાળા શેડ અને એક ધાબાવાળો શેડ જે હતો જે ગેરકાયદે હોવાથી દબાણ દૂર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લામાં પર્યાવરણની જાળવણીનો એકશન પ્લાન બનાવવા માટે છેલ્લા ત્રણેક મહિનાથી સતત બેઠકો જિલ્લાતંત્રમાં થઈ રહી છે. તંત્ર દ્વારા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને પોલીસને સાથે રાખી આજે ખુબ મોટી કાર્યવાહી કરાતાં જલુંદ અને ગાંધીનગરમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરના અંતરિયાળ સેકટરોના અંતરિયાળ વિસ્તારમાં એકત્ર થયેલા કચરાનો નિકાલ ન થતાં તેને સળગાવી નિકાલ કરવામાં આવી રહ્યાની વિગતો પ્રકાશમાં આવી છે.
- આગામી ૨૫મી જાન્યુઆરીથી રાજયમાં પોષણમાસની ઉજવણી થશે અને તે પૂર્વે ૨૩મી જાન્યુઆરીએ રાજયના મુખ્યમંત્રી રૂપાણી મહાત્મા મંદિર ખાતે તેનો પ્રારંભ કરાવશે.
- રાજ્ય વિધાનસભાનુ આજે એક દિવસીય સત્ર મળશે. અગાઉ આવા સત્ર પાંચ સત્ર મળી ચુક્યા છે.
- ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમીત ચાવડાએ રાજયના મુખ્યમંત્રી રૂપાણીને રાજ્યની સાંપ્રત પરિસ્થિતિ અને ખેડૂતોના પ્રશ્ને ચર્ચા કરવા તેમજ આવેદનપત્ર આપવા માટે પત્ર લખી અને સમયની માંગણી કરી છે.
- ગાંધીનગર શહેરની બે જાણીતી કલા સંસ્થાઓ દ્વારા શનિવાર અને રવિવારના દિવસે તેમના સભ્યો માટે સ્નેહ ભોજનનું આયોજન કર્યું છે.

## વાત-વાતમાં.....

- વાવોલને રોડ નં. ૩ થી જોડતા ફાટક નજીક સમી સાંજે એક નાનો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે વ્યક્તિને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.
- ગાંધીનગરના યુવાન જૈવિક પ્રજાપતિએ પોતાની ઓફિસે જતા રસ્તામાં અકસ્માતથી ઈજા થયેલી નીલગાયને જોઈ હતી. આ નીલગાયને તેમણે વન વિભાગનો સંપર્ક કરી સારવાર માટે ખસેડી હતી જે માટે તેમને સારો એવો સમય આપવો પડ્યો હતો.
- ગાંધીનગર શહેરના સૅક્ટર-૮ માટે નવું વર્ષ જાણે સારું ન આવ્યું હોય તેવો ઘાટ ઘડાયો છે. બુધવારે રાત્રે આ સૅક્ટરની સ્ટ્રીટ લાઈટ્સ બંધ રહેતા વસાહતીઓએ પરેશાનીનો સામનો કર્યો હતો. આ ચર્ચા હજુ તો અખબારનાં પાને ચમકે એ પહેલાં જ ગુરુવારે સાંજે રસોઈ ટાણે જ પીઍનજી ગૅસનો પૂરવઠો પણ ખોરવાઈ જતાં ગૃહિણીઓને રસોઈ કરવાના વાંધા થઈ ગયા હતા. તો નજીકના રેસ્ટોરન્ટ્સને જલસા પડી ગયા હતા. એકસાથે ઘણા ઑર્ડર તેમને સૅક્ટર-૮માંથી મળ્યા હતા.
- શિયાળાએ નાગરિકો, પરિચિતો વચ્ચેની એકતા પણ વધારી હોય એવું લાગી રહ્યું છે. વધતી ઠંડીની ઋતુમાં સોસાયટીઝ, સૅક્ટર્સ, ચોકઠાઓમાં નાગરિકો એકઠા થઈને સમૂહભોજનના કાર્યક્રમો ગોઠવતા થયા છે. જેમાં હળદરીયું, ઠોઠા ને ઊંધિયા જેવી વાનગીઓ મુખ્ય છે. વાનગી જે હોય તે સમૂહ ભોજનથી નજદીકી વધી રહી છે.

# દારુ ભરેલી મોટરકાર તો નહીં પાયલોટીંગ કરનારને ઝડપી લેવાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર એલસીબી-૨ પોલીસે પેથાપુર પાસેથી હિંમતનગરથી દારુ ભરીને આવી રહેલી આઈટેન કારનું પાઈલોટીંગ કરનાર શખ્સને ગાડી સાથે દબોચી લીધો હતો. એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કોન્સ્ટેબલ નરેશકુમારને બાતમી મળી હતી જેથી એલસીબી-૨ વોચમાં ગોઠવાઈ ગઈ હતી. વિજાપુર તરફથી આવી રહેલી કાર નં. જીજે. ૦૧. આરબી. ૭૩૩૪ કાર ઝડપી લીધી હતી.જેમાં ચેક કરતા દારુનો જથ્થો નહી પરંતુ દારુની એક બોટલ મળી આવી હતી. જયારે પકડાયેલ શખ્સ દિનેશ વર્ધાજી પ્રજાપતિ (ઉં.વ.૩૫) (રહે.મનુશ્રી સોસાયટી) ઘાટલોડીયાને પુછતાછ કરતા તેણે પોતાના મિત્ર સરદારજી માટે દારુ ભરેલી કારનું પાયલોટીગ કરતો હતો. સરદારજીએ તેને એક દારુની બોટલ આપી હતી, જયારે પીપળજ પાસે તે ધીમો પડતા દારુ ભરેલી કાર તેની આગળ નીકળી ગઈ હતી અને તે પકડાઈ ગયો હતો. દારુ ભરેલી ગાડીનું પાયલોટીંગ કરવાના તેને એક ફેરાના રૂ.૨ હજાર મળતા હતા, આ દિનેશ પ્રજાપતિનો ચોથો ફેરો હતો અને તે એલસીબીના હાથે પકડાઈ ગયો હતો. પોલીસે આરોપી પાસેથી દારુની બોટલ, કાર મોબાઈલ મળીને કુલ રૂ.૫,૦૨,૦૦૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાવોલ શિવશકિત ટ્રેડર્સમાં અચાનક આગ ભભૂકી ઉઠી

ગાંધીનગર, તા.૯



ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામે સ્થિત શિવશકિત ટ્રેડર્સમાં આજે સવારના સુમારે આગના ગોટા નીકળતા સ્થાનિક નાગરીકોએ ફાયરની ટીમને જાણ કરી હતી. કોલ મળતા જ ફાયરના જવાનો આવી પહોંચ્યા હતા અને પાંચ હજાર લીટર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે આગમાં કોઈ જાનહાની કે માલહાની થવા પામી નથી પરંતુ દુકાનમાં રહેલો કલરનો તમામ સામાન બળીને ભસ્મીભુત થઈ ગયો હતો. જો કે આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયુ નથી.વાવોલ ગામના દિલિપસિંહ ગોલની કલરની દુકાન હતી સાંજના સુમારે તેઓ દુકાન બંધ કરીને ઘરે ગયા હતા.

# જંતુનાશક દવાના ઉત્પાદન માટે પરવાનાની પ્રક્રિયા ઓનલાઈન કરાઈ : ખેતી નિયામક

### ઉત્પાદકોનાં સરળીકરણ માટે ikhedut protal વેબ પેજ પર ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૯

જંતુનાશક દવાના ઉત્પાદન માટેના નવા પરવાના મેળવવા તથા પરવાનામાં સુધારા કરાવવા માટે પહેલા ઉત્પાદકોએ કચેરીએ રૂબરૂ આવીને અરજી કરવી પડતી હતી, પરંતુ ખેતીવાડી ખાતા દ્વારા 'ઈઝ ઓફ ડુઈંગ' બિઝનેસ અંતર્ગત જંતુનાશક દવા ઉત્પાદન માટેના નવા પરવાના મેળવવા તથા પરવાનામાં સુધારા કરાવવા માટે ઘરે બેઠા ઓનલાઈન અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે તેમ રાજયના ખેતી નિયામક દ્વારા જણાવવામાં આવ્યું છે.

ઉત્પાદકો જરૂરી દસ્તાવેજોની માહિતી ઓનલાઈન જાણી શકે તથા તેમણે કરેલી અરજીની સ્થિતિ અને ઓનલાઈન પરવાનાની નકલ પણ ઘરે બેઠા મેળવી શકે તે હેતુસર [illegible] વેબ પેજ પર ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. જંતુનાશક દવાનું નવા પરવાના તથા જૂના પરવાનામાં સુધારા કરવા માટે ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ થવાથી ઉત્પાદકોનો સમય અને શક્તિ બચશે અને સમગ્ર પ્રક્રિયા સરળ બનશે. આ સંદર્ભે વિશેષ માહિતીની જરૂરિયાત હોય તો નાયબ ખેતી નિયામક (પેસ્ટી.), કૃષિ ભવન, ગાંધીનગરની કચેરીનો ફોન નં. ૦૭૯-૨૩૨-૫૬૦૭૭ અને ૦૭૯- ૨૩૨-૫૬૦૮૧ ઉપર સંપર્ક કરવા ખેતી નિયામકશ્રી દ્વારા વધુમાં જણાવાયું છે.

### દિલ્હી ખાતે યોજાયેલ ઓરીએન્ટેશન કોર્સમાં

# છાલા હાઈસ્કૂલનું પ્રતિનિધિત્વ ઝળક્યું

ચિલોડા, તા. ૯

સી.સી.આર.ટી. ન્યુ દિલ્હી ખાતે યોજાયેલ ૪૫૩માં ઓરીએન્ટેશન કોર્સમાં (તાલીમ) શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલના ઉચ્ચ માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા એન.પી. પટેલે શાળાનું પ્રતિનિધિત્વ તરીકે જોડાયા હતા. સમગ્ર ભારતમાંથી ૬૦ શિક્ષકોએ અને ગુજરાતમાંથી ૬ શિક્ષકોએ તાલીમમાં ભાગ લીધો હતો.

આ તાલીમનો મુખ્ય હેતુ સાંસ્કૃતિક પ્રવૃતિઓને શૈક્ષણિક પ્રવિધિઓ સાથે સુંદર સમન્વય સાધી બાળકોમાં સર્વાંગિક વિકાસનુ ઘડતર કરવું એ હતો.



તાલીમ પૂર્ણ થયેથી દરેક સંસ્થાને એક કીટ અર્પણ કરવામાં આવી હતી. જે કીટ શાળાને અર્પણ કરી હતી. શાળામાં સર્વ સ્ટાફ મિત્રોની મદદથી તાલીમાર્થી એન.પી. પટેલે સાંસ્કૃતિક પ્રદર્શન દ્વારા બાળકોને પ્રેરિત કર્યા હતા. ૨૧ દિવસની તાલીમ બાદ શિક્ષકે સુંદર પ્રદર્શન અને કીટ અર્પણ કરવા બદલ છાલા કેળવણી મંડળના પ્રમુખ એમ.બી. પટેલ, મંત્રી ચેલાભાઈ પટેલ તથા આચાર્ય આર.એસ. ચૌધરીએ અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી.

# પ્રધાનમંત્રી દ્વારા કેન્દ્રિય બજેટ ૨૦૨૦ માટેના વિચારો અને સૂચનો મંગાવાયાં

ગાંધીનગર, તા. ૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વર્ધ્દ પર કેન્દ્રીય બજેટ ૨૦૨૦ માટેના વિચારો અને સૂચનો આમંત્રિત કર્યા છે. તેમણે કહ્યું, "કેન્દ્રીય બજેટ ૧૩૦ કરોડ ભારતીયોની આકાંક્ષાઓને રજૂ કરે છે અને ભારતના વિકાસ તરફનો માર્ગ બતાવે છે. હું સ્વર્ધ્દ પર આ વર્ષના બજેટ માટે તમારા વિચારો અને સૂચનો મોકલવા માટે તમને બધાને આમંત્રણ આપું છું."

# વારસાઈ તથા ક્ષતિ સુધારણા અરજીની કાર્યવાહી ઓનલાઈન કરી શકાશે

ગાંધીનગર, તા. ૯

રાજયની મહેસુલી સેવાઓ તથા વહીવટ કોમ્પ્યુટરરાઈઝડ, ઝડપી, સરળ, પારદર્શક અને સલામત બનાવવા રાજય સરકાર દ્વારા વિવિધ મહેસુલી સેવાઓ ઓનલાઈન કરવામાં આવી છે. જે પૈકી વારસાઈ તથા ગામ નમૂના નંબર - ૭ માં ડેટા એન્ટ્રી, સ્ક્રિપ્ટ એન્ટ્રી કે સ્ટ્રક્ચર એન્ટ્રી ભૂલ રહી હોય તેવા કિસ્સામાં ભૂલો સુધારવાની કાર્યવાહી ઓનલાઈન કરવામાં આવી છે.

નાયબ કલેકટર (જ.સુ) અપીલ, ગાંધીનગર એ.આર. ઝાલાએ વધુમાં જણાવ્યું છે કે વારસાઈ તેમજ ક્ષતિ સુધારણા સેવા માટે અરજદારે ઓનલાઈન https://iroa.gujarat.gov.in વેબસાઈટ પર જઈ વરસાઈની અરજી કરવા 'વારસાઈ' તેમજ ક્ષતિ સુધારણાની અરજી કરવા માટે ' ક્ષતિ સુધારણા માટેની અરજી' વિકલ્પ પસંદ કરવાનો રહેશે. વારસાઈ અરજીમાં જણાવેલ તમામ વિગતો શ્રૃતિ ફોન્ટમાં ડેટા સ્વરૂપે દાખલ કરવાની રહેશે. સહીવાળી અરજી સાથે મરણનું પ્રમાણપત્ર, મરણ પામનાર ખાતેદારનું તલાટી રૂબરૂનું પેઢીનામું સ્કેન કરી અપલોડ કરવાનું રહેશે. ત્યારબાદ અપલોડ કરેલ વિગતો સાથેની અરજી સબમીટ કર્યા બાદ મહત્તમ ૧૫ દિવસમાં અસલ દસ્તાવેજો સંબંધિત તાલુકાના ઈ-ધારા કેન્દ્ર ખાતે રજુ કરવાના રહેશે. અરજી સાથે ૭/૧૨, ૮-અ જેવા દસ્તાવેજ રહેશે નહિ. પરંતુ કોઈ ચોક્કસ કિસ્સામાં કોઈ કોર્ટ હુકમ હોય તો તેની વિગતો અપલોડ કરવાની રહેશે. ક્ષતિ સુધારણા માટેની અરજીમાં જણાવેલ તમામ વિગતો શ્રુતિ ફોન્ટમાં ડેટા સ્વરૂપે દાખલ કરવાની રહેશે. અરજીમાં ૭/૧૨ મુજબના જે તે ખાતાના કબ્જેદારોએ પુરા નામ તથા સરનામા આપવા તથા અરજીમાં તમામે સહી કરવાની રહેશે. તેમજ જો અન્ય હિત ધારક હોય તો તેની વિગત પણ દર્શાવવાની રહેશે. એક કરતાં વધુ સર્વે નંબર હોય તો સર્વે નંબર વાર અલગ અલગ અરજી કરવાની રહેશે. તમામ ખાતેદારોની સહીવાળી અરજી સાથે પ્રમાણિત કરેલ આધાર પુરાવાઓ સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે. તથા અરજી સબમીટ કર્યા તારીખથી મહત્તમ ૧૫ દિવસમાં અસલ દસ્તાવેજો, સંબંધિત તાલુકાના ઈ-ઘરા કેન્દ્ર ખાતે પોસ્ટથી અથવા રૂબરૂ રજુ કરવાના રહેશે.

બન્ને અરજીમાં કોઈ વિગત બાકી રાખેલ હશે અથવા સુધારવાપાત્ર વિગતો સ્પષ્ટ દર્શાવેલ નહિ હોય તો અરજીનો અસ્વીકાર કરવામાં આવશે. અરજદાર વધુ માહિતી માટે https://iroa.gujarat.gov.in વેબસાઈટ પર જઈ વારસાઈ તેમજ ગા.ન.નં. ૭ ક્ષતિ સુધારણા અરજી કરવા માટેની કાર્ય પદ્ધતિ જોઈ શકે છે તેમજ તે મુજબ અરજી દાખલ કરી શકે છે.

# આલમપુર ગામે 'મા' અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત બીજા તબક્કાનો કાર્ડ કેમ્પ યોજાયો



ચિલોડા,તા. ૯

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર તથા આલમપુર ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે ગ્રામ પંચાયતની કચેરી ખાતે મા અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત બીજા તબક્કાનો કાર્ડની કામગીરી અંગેનો કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગામના ૪૦ લાભાર્થીઓના કાર્ડની કામગીરી સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી હાથ ધરાઈ હતી. જેમાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલ તથા સુધીરભાઈ દેસાઈ ઉપસ્થિત રહી કેમ્પમાં જેહમત ઉઠાવી હતી.

આ કેમ્પમાં દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, અગ્રણી આઈ.બી. વાઘેલા, પૂર્વ તાલુકા પ્રમુખ કાળુસિંહ રાઠોડ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. હરેશભાઈ ત્રિવેદી, તાલુકા હેલ્થ વિઝિટર કપિલાબેન પટેલ, આલમપુર ઠાકોર સેનાના પ્રમુખ ટીનાજી સોલંકી, ઉપપ્રમુખ મહેશજી આર. ઠાકોર વગેરે મહાનુભાવોએ કેમ્પની મુલાકાત લઈ કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાત એગ્રોએ ૬ પ્રકારના વૉટર સોલ્યુબલ ફર્ટિલાઈઝર્સ લોન્ચ કર્યા




અમદાવાદ, તા. ૯

ગુરૂવારે અમદાવાદમાં યોજાયેલા એક સમારંભમાં ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનવિવિધ ગ્રેડનાં વૉટર સોલ્યુબલ (પાણીમાં ઓગળે તેવાં) ફર્ટિલાઈઝર્સ લોન્ચ કર્યાં છે.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના ચેરમેન શ્રી મધુ શ્રીવાસ્તવે જીએઆઈસીના મેનેજીંગ ડિરેકટર શ્રી કે એસ રંધાવા તથા વરિષ્ઠ અધિકારી શ્રી અભય જૈન તથા શ્રીમતી હેતલ દેસાઈ તથા રાજ્યમાંથી મોટી સંખ્યામાં હાજર રહેલા જીએઆઈસીના વિતરકોની હાજરીમાં આ વૉટર સોલ્યુબલ ફર્ટિલાઈઝર્સ લોન્ચ કર્યાંહતાં.

રજૂઆત સમારંભમાં હાજર રહેલા સમુદાયને સંબોધન કરતાં ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના ચેરમેન શ્રી મધુ શ્રીવાસ્તવે ચોકસાઈપૂર્ણ ખેતીની જરૂરિયાત અને હાઈ-ગ્રેડ એગ્રી-ઈનપુટના વપરાશ ઉપર ઝોક મુક્યો હતો તથા બહેતર વળતર માટે ઉપજ સુધારવા અનુરોધ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે "ડ્રીપ ઈરીગેશન આવરી લેવાતા વિસ્તારમાં ગુજરાત અગ્રેસર રાજ્ય છે. ચોકસાઈપૂર્ણ ખેતી માટે વિશ્વ સ્તરનાં ફળ અને શાકભાજીના ઉત્પાદન માટે પાણીમાં ઓગળી શકે તેવાં ફર્ટિલાઈઝર્સનો વપરાશ હવે પછીનુ કદમ બની રહે છે. અમને વિશ્વાસ છે કે અમારી આ નવી ઓફને ખેડૂતો તરફથી સારો પ્રતિભાવ મળી રહેશે. " તેમણે એવો પુનરોચ્ચાર કર્યો હતો કે સરકાર ખેડૂતોની આવક બની કરવા માટે કટિબધ્ધ છે. આ સમારંભમાં વૉટર સોલ્યુબલ ફર્ટિલાઈઝર્સ અંગે ટેકનિકલ પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવ્યું હતું. જે વૉટર સોલ્યુબલ ફર્ટિલાઈઝર્સ રજૂ કરવામાં આવ્યાં છે તેમાં AGRO MKP, AGRO NOP, AGRO MAP, AGRO NPK, AGRO CN, AGRO SOPનો સમાવેશ થાય છે.

# દશેલા ગામે પુસ્તક પ્રેમી યુવાનોએ ૨૦૦ પુસ્તકો એકઠા કરી પુસ્તક પરબ શરૂ કરી



ચિલોડા, તા. ૯

ગાંધીનગર તાલુકાના દશેલા ગામના યુવાનોએ ગામના યુવાનો, વડીલો અને પુસ્તકપ્રેમી વાચકો પાસેથી આશરે ૨૦૦ જેટલા પુસ્તકો એકઠા કરીને ગામની ભાગોળે જ વાંચનપ્રિય ગ્રામજનો માટે અનોખી પુસ્તક પરબની પહેલ કરી છે જે પુસ્તક પરબ અંતર્ગત દર મહિનાના એક રવિવારે વાચકોને એક મહિનાની મુદત માટે મફતમાં પુસ્તકો વાંચવા માટે આપવામાં આવશે. દિવસે દિવસે મોબાઈલ અને અન્ય સાધન-સગવડોથી ઘેરાયેલા યુવાધન અને વડીલોને વાંચનભુખ દ્વારા વાંચન કરવા માટેની પ્રેરણા આપવા અને માતૃભાષાનુ સંવર્ધન કરવાના પ્રસંગને પુસ્તક બરબને ગ્રામજનોએ ખૂબ જ ઉમળકાભેર વધાવી લીધો હતો.


## પ્રાંતિજ નગરપાલિકા, પ્રાંતિજ

**'પ્રાંતિજ નગરને ODF++ તરીકે નગરપાલિકા જાહેર કરવા જોગ'**
**પ્રતિભાવ / મુદ્દાઓ / સુચનો મંગાવવા બાબત**

પ્રાંતિજ નગરની જાહેર જનતાને આથી સુચિત કરવામાં આવે છે કે, પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ODF++ જાહેર કરવા સારું નગરપાલિકાના વૉર્ડ કાઉન્સિલર, વૉર્ડ સર્કલ ઈન્ચાર્જ તેમજ નાગરિક સમૂહના પ્રતિનિધિઓના ઘોષણાપત્ર મેળવવામાં આવેલ છે. તેમજ પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારને ODF++ જાહેર કરવા સારું પ્રાથમિક ઠરાવ કરવામાં આવેલ છે. સદર બાબતે પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારને ODF++ જાહેર કરવા પ્રતિભાવ / મુદ્દાઓ / સુચનો દિન-(૧૫)માં પ્રાંતિજ નગરપાલિકા કચેરીએ લેખિત રજૂઆત કરવા વિનંતી છે.

સ્થળ : પ્રાંતિજ
જા. નં. ૯૧૮/૨૦૧૯/૨૦ તા. ૧૦/૦૧/૨૦૨૦

| વિશાલ બી. પટેલ | મહેબુબખા એ. બલોચ | કોકિલાબેન વી. પટેલ | નયનભાઈ બી. દેસાઈ | ગીતાબેન એસ. પટેલ |
|---|---|---|---|---|
| મુખ્ય અધિકારી | આરોગ્ય ચેરમેન | કારોબારી ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા |